ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૩૨ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ ત્રીજ, સોમવાર ૨૦ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

મંત્રણા માટે અમેરિકા તૈયાર પણ ઈરાન તૈયાર નથી

ઈરાન કરાર ન કરે તો તેના તમામ પાવરપ્લાન્ટ ઉડાવી દેવાશે : ટ્રમ્પ

પાકિસ્તાનમાં મંત્રણાનો બીજો રાઉન્ડ યોજાવાની સંભાવના વચ્ચે ટ્રમ્પની નવી ધમકી

ઈરાનના કિલિંગ મશીનનો અંત લાવવાનો સમય આવી ગયો હોવાનું ટ્રમ્પે કહ્યું

વોશિંગ્ટન, તા. 19(એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેની મંત્રણા માટે અમેરિકન વાટાઘાટકારો પાકિસ્તાન મોકલવાની વાતની સાથે જ ચેતવણી આપી હતી કે જો ઈરાન કરાર કરશે નહીં તો તેના તમામ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરશે. ટ્રમ્પે લખ્યું હતું કે, જો તેઓ (કરાર) નહીં સ્વીકારે, તો અમેરિકા ઈરાનના દરેક પાવર પ્લાન્ટ અને દરેક બ્રિજને તોડી પાડશે. ટ્રમ્પની આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે એક અઠવાડિયા પહેલા 11 અને 12 એપ્રિલના રોજ ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ ખતમ કરવાના ઉદ્દેશ્યથી દુર્લભ સીધી વાતચીત થઈ હતી, જે કોઈ પણ સમજૂતી વિના પૂર્ણ થઈ હતી.

હોર્મુઝની સામુદ્રધુની પરનો વિવાદ, જે પ્રથમ રાઉન્ડની વાતચીતનો મુખ્ય મુદ્દો હતો, તે શનિવારે વધુ વકર્યો હતો. ઈરાને આ સાંકડી સામુદ્રધુની પાર કરવાનો પ્રયાસ કરી રહેલા જહાજો પર ગોળીબાર કર્યો અને માર્ગ બંધ કરી દીધો હતો, જ્યારે અમેરિકાએ ઈરાની બંદરોની નાકાબંધી ચાલુ રાખી હતી. ટ્રમ્પે હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજો પર ગોળીબાર કરીને યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવા બદલ ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કાઉન્સિલની આકરી ટીકા કરી હતી. તેમણે લખ્યું કે, ઈરાને ગઈકાલે હોર્મુઝની સામુદ્રધુનીમાં ગોળીબાર કરવાનું નક્કી કર્યું - જે આપણા યુદ્ધવિરામ કરારનું સંપૂર્ણ ઉલ્લંઘન છે! તેમણે આરોપ લગાવ્યો કે ઈરાની દળોએ ફ્રેન્ચ જહાજ અને બ્રિટિશ માલવાહક જહાજ સહિતના જહાજોને નિશાન બનાવ્યા હતા. જો કે, ટ્રમ્પે શનિવારે આરોપ લગાવ્યો હતો. સાથે જ તેમણે ધમકી આપી હતી કે જો ઈરાન અમેરિકા દ્વારા આપવામાં આવેલ સોદાનો સ્વીકાર નહીં કરે, તો તેઓ ઈરાનના નાગરિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરશે. ટ્રમ્પે લખ્યું હતું કે, જો તેઓ (કરાર) નહીં સ્વીકારે, તો અમેરિકા ઈરાનના દરેક પાવર પ્લાન્ટ અને દરેક બ્રિજને તોડી પાડશે. ટ્રમ્પની આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે એક અઠવાડિયા પહેલા 11 અને 12 એપ્રિલના રોજ ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ ખતમ કરવાના ઉદ્દેશ્યથી દુર્લભ સીધી વાતચીત થઈ હતી, જે કોઈ પણ સમજૂતી વિના પૂર્ણ થઈ હતી.

...અનુસંધાન પાના 2 પર

અમેરિકી મંત્રણા ટીમ પાકિસ્તાન જઇ રહી હોવાની ટ્રમ્પની જાહેરાત, ટીમનું નેતૃત્વ જેડી વાન્સ જ કરશે

જ્યાં સુધી નૌકાદળની નાકાબંધી ચાલુ રહેશે ત્યાં સુધી કોઇ પ્રતિનિધિમંડળ નહીં મોકલાય : ઇરાન

મંત્રણાને પગલે ઇસ્લામાબાદ અને આજુબાજુના તમામ વિસ્તારોમાં કડક સુરક્ષા વ્યવસ્થા

ઇસ્લામાબાદ, તા. ૧૯: વિદેશી પ્રતિનિધિમંડળોના ઇસ્લામાબાદ આગમનને કારણે, રેડ ઝોન અને એક્સટેન્ડેડ રેડ ઝોન તમામ પ્રકારના ટ્રાફિક માટે સંપૂર્ણપણે બંધ રહેશે, તેમ ઇસ્લામાબાદ પોલીસે તેના સત્તાવાર X એકાઉન્ટ પર જણાવ્યું હતું. પોલીસે વધુમાં કહ્યું કે, નાગરિકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અને ટ્રાફિકનો પ્રવાહ સુગમ રાખવા તથા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ટ્રાફિક પોલીસને સહકાર આપવાની સલાહ આપવામાં આવે છે. પોલીસ પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ઇસ્લામાબાદને અડીને આવેલા રાવલપિંડી શહેરમાં 10,000 થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે અને 600 થી વધુ ચેકપોસ્ટ બનાવવામાં

...અનુસંધાન પાના 2 પર

વોશિંગ્ટન/તહેરાન, તા. 19 : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે મંગળવારે પાકિસ્તાનમાં મંત્રણાનો બીજો રાઉન્ડ યોજાવાને સમર્થન આપતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાન સાથેની મંત્રણા માટે અમેરિકન વાટાઘાટકારો સોમવારે પાકિસ્તાનમાં હશે. જો કે સામે પક્ષે ઈરાન દ્વારા આ મંત્રણા અંગે તૈયારી દાખવવામાં આવી નથી.

ટ્રમ્પે રવિવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં વિગત આપી ન હતી કે ઈસ્લામાબાદમાં ઈરાન સાથેની બીજા તબક્કાની પ્રત્યક્ષ મંત્રણા માટે અમેરિકા કયા અધિકારીઓને મોકલશે. ઈરાનની સરકારી સમાચાર એજન્સી તસ્નીમ અનુસાર, જ્યાં સુધી

...અનુસંધાન પાના 2 પર



નાસાના નાઈટ મેપમાં યુપી-બિહારનો ઝગમગાટ

વૈજ્ઞાનિકોએ આ નકશો બનાવવા નવ વર્ષ સુધી રોજ રાત્રે લેવાયેલી લગભગ 1.6 મિલિયન ઉપગ્રહ તસવીરોઓનું વિશ્લેષણ કર્યું

ઉત્તર પ્રદેશ અને બિહારમાં રાત્રિના સમયે વધેલી રોશની ઝડપથી વધેલા શહેરી વિકાસને આભારી હોવાનું તારણ

નવી દિલ્હી, તા. 19 : નાસા દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ રાત્રિના સમયનો ઉપગ્રહ નકશો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તે ઉત્તર પ્રદેશ અને બિહારને વિશ્વના કેટલાક સૌથી તેજસ્વી વિસ્તારો તરીકે દર્શાવે છે. નાસાએ સેટેલાઇટ છબીઓના આધારે એક નવો વૈશ્વિક નકશો બહાર પાડ્યો.

આ નકશો દર્શાવે છે કે 2014થી 2022 દરમિયાન પૃથ્વીની વૈશ્વિક રાત્રિના પ્રકાશમાં 16% નો ચોખ્ખો વધારો જણાયો છે. વૈજ્ઞાનિકોએ આ નકશો બનાવવા માટે નવ વર્ષ સુધી દરરોજ રાત્રે લેવામાં આવેલી લગભગ 1.6 મિલિયન ઉપગ્રહ તસવીરોઓનું વિશ્લેષણ કર્યું. આ નાઇટમેપ ઉત્તર ભારતમાં, ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહારમાં રાત્રિના સમયે વધેલી રોશની દર્શાવે છે, જે ઝડપી શહેરી વિકાસને આભારી છે. આ સંશોધનનું નેતૃત્વ ટિયાન લી અને ઝે ઝુ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે VIIRS નામની ખાસ ઉપગ્રહ સિસ્ટમમાંથી છબીઓનું અર્થઘટન કરવા માટે એક નવા અલ્ગોરિધમનો ઉપયોગ કર્યો હતો.

દૈનિક ઉપગ્રહ અવલોકનોમાં કૃત્રિમ લાઇટિંગને કારણે વૈશ્વિક સ્તરે રાત્રિના સમયે પ્રકાશમાં સતત વધારો જોવા મળ્યો છે,

...અનુસંધાન પાના 2 પર

જહાજો પર હુમલા થતા હોર્મુઝનો માર્ગ ખુલ્લો થવાની આશા ધૂંધળી

ઇરાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે કહ્યું કે અમેરિકા નાકાબંધી કરે છે તે યુદ્ધ વિરામનો ભંગ છે

દુબઈ, તા. ૧૯: બ્રિટિશ સૈન્યના 'યુનાઇટેડ કિંગડમ મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સ' કેન્દ્રે જણાવ્યું હતું કે, રિવોલ્યુશનરી ગાર્ડની ગનબોટ્સે એક ટેન્કર પર ગોળીબાર કર્યો હતો અને એક પ્રોજેક્ટાઇલ કન્ટેનર જહાજ સાથે અથડાયું હતું, જેનાથી કેટલાક કન્ટેનરને નુકસાન થયું હતું. શનિવારે બે ભારતીય જહાજો પર પણ ગોળીબાર થયો હતો.

ઈરાનના નાયબ વિદેશ મંત્રી સઈદ ખતીબઝાદેહે 'ધ એસોસિએટેડ પ્રેસ'ને જણાવ્યું હતું કે, અમેરિકા ગેરસમજણભરી ગણતરીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય સમુદાય અને વૈશ્વિક અર્થતંત્રને જોખમમાં મૂકી રહ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે અમેરિકા સમગ્ર યુદ્ધવિરામ પેકેજને જોખમમાં મૂકી રહ્યું છે. ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે એક નિવેદન બહાર પાડીને આ નાકાબંધીને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણાવ્યું હતું અને કહ્યું હતું કે ઈરાન સમુદ્રધુનીને કોઈપણ શરતી અને મર્યાદિત રીતે ફરીથી ખોલવા પર રોક લગાવશે. આ પરિષદ તાજેતરમાં ઈરાનની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા તરીકે કાર્ય કરી રહી છે.

પરિષદે જણાવ્યું હતું કે, ગલ્ફ ક્ષેત્રમાં અમેરિકી સૈન્ય મથકોનો

...અનુસંધાન પાના 2 પર

ભારત-અમેરિકા ટ્રેડ ડીલ મુદ્દે આજથી વોશિંગ્ટનમાં ત્રિદિવસીય બેઠક

વાણિજ્ય વિભાગમાં વધારાના સચિવ દર્પણ જૈનના નેતૃત્વમાં એક ડઝન અધિકારીઓ પ્રતિનિધિમંડળમાં સામેલ

ટેરિફમાં વધઘટના કારણે કરારમાં નોંધપાત્ર પુન:કેલિબ્રેશનની જરૂર પડી શકે એવો અધિકારીઓનો સંકેત

વોશિંગ્ટન, તા. 19 : ભારત અને અમેરિકાના પ્રતિનિધિ મંડળ વચ્ચે દ્વિપક્ષિય વેપાર કરાર મામલે 20 એપ્રિલથી અહીં ત્રણ દિવસ સુધી મહત્વની વાતચીત થવા જઈ રહી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા પર ભારતીય અધિકારીઓ યુએસ સમકક્ષો સાથે ત્રણ દિવસની વાટાઘાટો માટે 20 એપ્રિલે વોશિંગ્ટન જશે , જેમાં લગભગ એક ડઝન અધિકારીઓ પ્રતિનિધિમંડળનો ભાગ હશે.

આ બેઠક 20-22 એપ્રિલ દરમિયાન વોશિંગ્ટન ડીસીમાં યોજાશે. ભારતના મુખ્ય વાટાઘાટકાર વાણિજ્ય વિભાગમાં વધારાના સચિવ દર્પણ જૈન ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે. કસ્ટમ અને વિદેશ મંત્રાલયના અધિકારીઓ પણ ભારતીય ટીમનો ભાગ છે," અધિકારીએ જણાવ્યું. ભારત તરફથી અંદાજે એક ડઝન અધિકારીઓની ટીમ અમેરિકા પહોંચી રહી છે. બદલાતા ટેરિફ નિયમો વચ્ચે બંને દેશો નવી શરતો પર સંમતિ બનાવવાનો પ્રયાસ કરશે. અમેરિકામાં ટેરિફને લઈને બદલાયેલા નિયમોએ જૂના ટ્રેડ સમીકરણો બગાડી દીધા છે. રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા ભારે ટેરિફને અમેરિકન સુપ્રીમ કોર્ટે ફગાવી દીધા હતા, ત્યારબાદ અમેરિકન વહીવટીતંત્રે 24 ફેબ્રુઆરીથી તમામ દેશો પર 150 દિવસ માટે 10 ટકા સમાન ટેરિફ લગાવી દીધો છે. આ નવા નિયમને કારણે ભારત અને અમેરિકાએ તેમના જૂના કરારના મુસદ્દાને ફરીથી ઉકેલવાની ફરજ પડી રહી છે. અધિકારીઓએ સંકેત આપ્યો હતો કે કરારમાં નોંધપાત્ર

...અનુસંધાન પાના 2 પર

એક ભારતીય ટેન્કર જહાજ હોર્મુઝ સલામત રીતે ઓળંગી ગયું

'દેશ ગરિમા' જહાજ 18મીએ આ વ્યૂહાત્મક જળમાર્ગ ઓળંગી ગયું, 22મીએ મુંબઇ પહોંચવાની ધારણા

માર્ચની શરૂઆતથી અત્યાર સુધીમાં આ સામુદ્રધુનિ ઓળંગનાર આ દસમું ભારતીય જહાજ

નવી દિલ્હી, તા. ૧૯(પીટીઆઈ): અન્ય બે જહાજો પર ફાયરિંગ થતા તેમને પાછા ફરવાની ફરજ પડી હોવા છતાં, ભારતીય ધ્વજ ધરાવતું એક ક્રૂડ ટેન્કર હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયું છે, જેના પગલે નવી દિલ્હીએ વેપારી જહાજોની સુરક્ષા અંગે ઈરાન સામે ચિંતા વ્યક્ત કરી છે.

પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, ૩૧ ભારતીય નાવિકો સાથેનું ક્રૂડ ઓઈલ ટેન્કર 'દેશ ગરિમા' ૧૮ એપ્રિલે આ વ્યૂહાત્મક જળમાર્ગ ઓળંગી ગયું છે અને તે ૨૨ એપ્રિલે મુંબઈ પહોંચે તેવી અપેક્ષા છે. શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SCI) નું આ ટેન્કર માર્ચની શરૂઆતથી અત્યાર સુધીમાં આ સામુદ્રધુની ઓળંગનાર ૧૦મું

...અનુસંધાન પાના 2 પર

તમિલનાડુમાં ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટમાં ઓછામાં ઓછા 23નાં મોત

વિસ્ફોટમાં ત્રણ મહિલા સહિત ઘવાયેલા છમાંથી 60 ટકા દાઝેલા ચારની હાલત ગંભીર

વિસ્ફોટ એટલો ભીષણ હતો કે ફેક્ટરીના ઓછામાં ઓછા ત્રણ રૂમ કાટમાળમાં ફેરવાયા

વિરુધુનગર (તમિલનાડુ), તા. 19 (PTI) : અહીં એક ખાનગી ફટાકડા ઉત્પાદન ફેક્ટરીમાં થયેલા ભીષણ વિસ્ફોટમાં ઓછામાં ઓછા 23 લોકો જીવતા ભુંજાઈ ગયા છે અને અન્ય છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, તેમ પોલીસે રવિવારે જણાવ્યું હતું.

...અનુસંધાન પાના 2 પર

માર્ગ સુરક્ષા સંબંધે સુપ્રીમ કોર્ટ દ્વારા દેશભર માટે આદેશો જારી કરાયા

સુપ્રીમે સુઓ મોટો નોંધ લઇને કેસ દાખલ કરીને માર્ગદર્શિકા જારી કરી, એક્સપ્રેસ વે પર ભારે વાહનોના પાર્કિંગ પર પ્રતિબંધ, બે મહિના પછી વધુ સુનાવણી

નવી દિલ્હી, ૧૯(PTI): એક્સપ્રેસ-વે વહીવટી નિષ્ક્રિયતા અથવા માળખાગત ખામીઓને કારણે 'જોખમના કોરિડોર' ન બનવા જોઈએ તેવું અવલોકન કરતા સુપ્રીમ કોર્ટે માર્ગ સુરક્ષા વધારવા માટે સમગ્ર દેશમાં લાગુ પડે તેવી માર્ગદર્શિકા જાહેર કરી છે, જેમાં આવા રસ્તાઓ પર ભારે વાહનોના પાર્કિંગ પર પ્રતિબંધનો પણ સમાવેશ થાય છે.

જસ્ટિસ જે.કે. મહેશ્વરી અને એ.એસ. ચાંદુરકરની ખંડપીઠે નોંધ્યું હતું કે રાષ્ટ્રીય ધોરીમાર્ગો ભારતના કુલ રસ્તાઓની લંબાઈના માત્ર બે ટકા છે, પરંતુ કુલ માર્ગ અકસ્માતના મોતમાં તેમનો હિસ્સો લગભગ ૩૦ ટકા છે. ૧૩ એપ્રિલના રોજ આપેલા તેના આદેશમાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, ભારતના

...અનુસંધાન પાના 2 પર

SIR તત્કાળ બંધ કરવા બૌદ્ધિકો, વકીલો, ચળવળકારોના જૂથની માગ

માનવ અધિકાર સંગઠન 'જનહસ્તક્ષેપ' દ્વારા દિલ્હીમાં ખાસ સેમિનાર યોજવામાં આવ્યો

બંગાળમાં જે લોકોના નામ કટાયા તેમને હાલની ચૂંટણીમાં મતદાન કરવા દેવાની માગ

નાગરિકતા નક્કી કરવાની જવાબદારી ગૃહ મંત્રાલયની છે, ચૂંટણી પંચની નહીં

નવી દિલ્હી, તા. ૧૯(PTI): બૌદ્ધિકો, વકીલો, વિદ્યાર્થીઓ અને સામાજિક કાર્યકરોના એક જૂથે મતદાર યાદીઓની 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવ્યુ'(SIR) પ્રક્રિયાને તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે. તેમણે આ પ્રક્રિયાને નાગરિકોના અધિકારો વિરુદ્ધ ગણાવી છે અને જૂની મતદાર યાદીઓ ચાલુ રાખવા તેમજ તેના આધારે જ ચૂંટણી યોજવાની હાકલ કરી છે.

પ્રેસ રિલીઝ મુજબ, માનવ અધિકાર સંગઠન 'જનહસ્તક્ષેપ' દ્વારા શનિવારે અહીં પ્રેસ ક્લબ ઓફ ઇન્ડિયા ખાતે આયોજિત એક સેમિનારમાં આ માંગ કરવામાં આવી હતી. પ્રેસ રિલીઝ અનુસાર, આ સેમિનારમાં પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશી, વરિષ્ઠ એડવોકેટ પ્રશાંત ભૂષણ, દિલ્હી યુનિવર્સિટીના પૂર્વ પ્રોફેસર

...અનુસંધાન પાના 2 પર

ઈટાલીમાં ગુરુદ્વારા બહાર બે ભારતીયની ગોળી મારીને હત્યા

હુમલાખોર પણ ભારતીય, જૂની અદાવત હોવાની શંકા

રોમ, તા. ૧૯(પીટીઆઈ): ઈટાલીના બેરગામો પ્રાંતના કોવોમાં બે ભારતીય પુરુષોની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. સ્થાનિક મીડિયાએ રવિવારે અહેવાલ આપ્યો હતો કે, આ ઘટના ત્યારે બની જ્યારે તેઓ વૈશાખી ઉત્સવ માટે એકઠા થયેલા લોકો સાથે પ્રાર્થના સ્થળ તરીકે

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૯-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુતમ	ભેજ
૩૮.૬° સે.	૨૫.૦° સે.	૨૧%

કુત્રિમ રેસાથી બનેલા લેગિંગ્સ શરીરમાં ઝેરી રસાયણો ભેળવી શકે : એક અભ્યાસ

કોટન લેગિંગ્સના સ્થાને લાઇક્રા, સ્પાન્ડેક્સ અને વોટરપ્રૂફ મેમ્બ્રેન ધારણ કરનારાઓ સામે લાલબત્તી દર્શાવતો મહત્વનો અભ્યાસ

વોશિંગ્ટન, તા. 19 : નિયમિત કસરત કરવાનું પસંદ કરનારી મહિલાઓ તેમજ પુરુષો તે સમયે શું ધારણ કરે છે તે હવે તેમણે વિચારવું પડશે, કારણ કૃત્રિમ રેસામાંથી બનાવવામાં આવતા મોટાભાગના સ્પોર્ટસવેર ઝેરી રસાયણોવાળા હોવાનું એક અભ્યાસમાં કહેવાયું છે અને બર્મિંઘમ યુનિવર્સિટીના પર્યાવરણીય રસાયણશાસ્ત્ર અને

ઝેરી વિજ્ઞાનના પ્રોફેસર ખાસ વર્કઆઉટ ગિયરથી દૂર રહેવાની સલાહ આપીને તેના બદલે કપાસ જેવા કુદરતી કાપડનો ઉપયોગ કરવાનું કહે છે.

રસાયણો માનવ શરીર સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે તેના સંશોધનમાં એક દાયકાથી વધુ સમય વિતાવ્યા પછી જાણવા મળ્યું છે કે ઉચ્ચ-પ્રદર્શનવાળા સ્પોર્ટસવેર ભલે આરામદાયક હોય પણ તે આપણને ઝેરી પદાર્થોના સંપર્કમાં લાવી શકે છે. લાઇક્રા, સ્પાન્ડેક્સ અને વોટરપ્રૂફ મેમ્બ્રેનથી કસરત કરવાની રીતમાં પરિવર્તન આવ્યું છે, અને એ વાત વાજબી છે કે, પ્રોફેસર અબ્દુલ્લાહથી વિપરીત, આપણામાંથી મોટાભાગના લોકો સહાયક સ્પોર્ટ્સ બ્રા અથવા હળવા વજનના રનિંગ ટોપને ભારે, પરસેવાથી લથપથ થતા કપાસના વસ્ત્રોથી બદલવામાં અચકાશે.

સંશોધન સૂચવે છે કે ફિટ રહેવા માટે આપણે જે કપડાં પહેરીએ છીએ તે ખરેખર આપણી વિરુદ્ધ કામ કરી રહ્યા હોઈ શકે છે.

...અનુસંધાન પાના 2 પર